सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૧/૦૫/૨૦૧૯ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૧/૦૫/૨૦૧૯ | | |
| ફેંસલ તારીખ | ૨૫ /૦૩/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૬ | ૧૦ | ૨૪ |

**વિરમગામનાં મહે. એડી. સીવીલ જજ સાહેબની અદાલતમાં, મુ.વિરમગામ, જી.અમદાવાદ.**

**રેગ્યુલર દિવાની દાવા નં. ૭૧/૨૦૧૯**

**આંકઃ-૩૪**

ઉત્તર ગુજરાત વિજ કંપની લી.
નાયબ ઈજનેરની કચેરી,
વિરમગામ શહેર પેટા વિભાગની કચેરી,
માંડલ રોડ, મુ. વિરમગામ
જી. અમદાવાદ

**::: વાદી**

**વિરુધ્ધ**

**શેખ શોયબભાઈ રફીકભાઈ**
ઉ.વ.આ.પુખ્ત, ધંધો :નોકરી
રહેવાસી. સેતવાડ પાસે, ઢાઢીવાસ, રૈયાપુર દરવાજા પાસે,
મુ.વિરમગામ, જી.અમદાવાદ

**::: પ્રતિવાદી**

---

**દાવો :- રૂા.૨,૯૭,૨૬૨/- વસુલ મેળવવા અંગે.**

---

વાદી તરફે : વિ.વ.શ્રી એ.કે.વોરા

પ્રતિવાદી તરફે : વિ.વ.શ્રી ડી.એમ.ચાવડા

---

**-:: ઠરાવ ::-**

(૧) આ કામનાં વાદીનાં દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં વાદીનાં દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી કંપની ભારતીય કંપની ધારો ૧૯૫૬ અન્વયે અસ્તિત્વમાં આવેલ કંપની છે અને અગાઉ ગુજરાત વિદ્યુત બોર્ડના નામથી વીજ પુરવઠો પુરો પાડવા વિગેરેનુ કાર્ય કરતી કંપનીનો કારભાર અલગ અલગ કંપનીઓમાં વહેંચીને ગુજરાત રાજ્યમાં જે કંપનીઓ વીજપુરવઠો પુરો પાડવા વિગેરેના આશયથી અસ્તિત્વમાં આવેલ છે તે પૈકીની વાદી કંપની છે તેમજ વાદી કંપનીની વિરમગામ શહેર પેટા વિભાગની ઓફીસ વિરમગામમાં માંડલ રોડ પર આવેલ છે.

વાદી વધુમાં જણાવે છે કે, આ કામનાં પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક નથી જેથી અને વાદી કંપનીનો વીજવપરાશ કરવાનો કોઇ હકક કે અધિકાર હતો નહી અને છે નહી તેમ છતા વાદી કંપનીના જુનીયરઈજનેર શ્રી એમ.યુ.મનસુરી તા.૦૧/૧૦/૨૦૧૬ ના રોજ ચેકીંગમાં નીકળેલ ત્યારે વીજકંપનીની હળવા દબાણની લાઇનો તપાસતા આ કામના પ્રતિવાદી તેમના ઘરની બાજુમા રહેલ હળવા દબાણના થાંભલા ઉપરથી પીળા રંગના ૮ મીટર વાયર વડે હુકીંગ કરીને તેનો બીજો છેડો સાઇડની બારીમાંથી પસાર કરીને ડાયરેકટ મેઇન સ્વીચમાં આપીને ગેરકાયદેસર રીતે વીજવપરાશ કરતા રંગે હાથ પકડાયેલા. પ્રતીવાદીએ તે સમયે મજકુર મકાન ઉંમરભાઇ નાથુભાઇનુ છે જેનો ગ્રાહક નં .૨૫૬૦૫/૦૦૩૦૫/૫ છે જે સંદર્ભમાં વાદી કંપનીના જવાબદાર અધિકારી દવારા સ્થળ ઉપર રોજકામ કરવાની ના પાડેલ. આ કામનાં પ્રતિવાદીએ જણાવેલ મકાન માલીકના નામનુ વીજચોરી અંગે રૂા.૨,૮૧,૨૬૧.૬૦/- નુ બીલ આપવામાં આવેલ.

આ કામના પ્રતિવાદી સામે પોલીસ ફરીયાદ પણ કરવામા આવેલ જેનો ગુ.ર.નં.૬૪૬૧/૧૬ છે. અને પ્રતિવાદીને લેણી પડતી રકમ અંગે

વારંવાર માંગણી કરી કરાવી છતા રકમ ના ચુકવી આપતા વાદી કંપનીએ એડવોકેટ મારફતે તા.૦૮/૦૨/૨૦૧૭ ના રોજ રજી.પોસ્ટથી નોટીસ પણ મોકલેલ જે નોટીસનો રજી.પોસ્ટથી મકાન માલીક શેખ ઉમરભાઇ નાથુભાઇને નોટીસ મોકલેલ જે નોટીસ ઉમરભાઈ નાથુભાઇ ગુજરી ગયેલ હોય તેવા શેરા સાથે પરત આવેલ છે.

જેથી આ કામના પ્રતિવાદી પાસે વીજ ચોરીના બીલના રૂા. ૨,૮૧,૨૬૧.૬૦ પૈસા તથા તા.૩૦/૦૬/૨૦૧૭ સુધીના ૧૫% પ્રમાણેના વિલંબીત ચુકવણી ચાર્જના રૂા. ૧૫,૦૦૦.૬૨ પૈસા તથા નોટીસ ખર્ચના રૂા.૧૦૦૦/–મળી કુલ રૂા. ૨,૯૭,૨૬૧.૬૦ પૈસાનુ લેણુ પડે છે જે રકમ સહીત વસુલ મેળવવા સારુ હાલનો દાવો દાખલ કરવાની ફરજ પડેલ છે.

આ દાવાનું કારણ પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક ન હોવા છતા તા.૦૧/૧૦/૨૦૧૬ ના રોજ વીજ ચોરી કરતા પકડાયા ત્યારથી અને તે અરસાથી તેમજ તે અંગે રોજકામ કરવામાં આવેલ ત્યારથી અને તે અરસાથી તેમજ તે અંગે વાદી કંપનીએ વીજચોરીનુ બીલ મોકલવામા આવ્યુ ત્યારથી અને તે અરસાથી તેમજ આ કામના પ્રતિવાદી સામે ચોરી અં ગેની ફરીયાદ કરેલ ત્યારથી અને તે અરસાથી તેમજ તા.૦૮/૦૨/૨૦૧૭ ના રોજ વકીલ મારફત પ્રતિવાદી પાસે લેણી પડતી રકમની માંગણી કરતી નોટીસ આપી ત્યારથી અને તે અરસાથી નામદાર કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયેલ છે.

સબબ ઉપરોકત સમગ્ર હકીકતે હાલનો દાવો લાવી દાદ માંગેલ છે કે,આ કામનાં પ્રતિવાદી પાસે વીજ વપરાશ તથા વીજચોરીના બીલની ઉઘરેલ રકમ પેટે વસુલ આવેલ રકમ બાદ જતા મુદલ રૂા.૨,૮૧,૨૬૧.૬૦ પૈસા તથા તે ઉપર તા. ૩૦/૦૬/૨૦૧૭ સુધીના ૧૫% ના વિલંબીત ચુકવણી ચાર્જના રૂા. ૧૫,૦૦૦.૬૨ પૈસા તથા નોટીસના ખર્ચના રૂા. ૧૦૦૦/– નુ મળી કુલ રૂા. ૨,૯૭,૨૬૨.૨૨ પૈસા નુ લેણુ પડે છે તે દાવાના તમામ ખર્ચ સહીત દાવાતારીખથી ૧૫% પ્રમાણેના વ્યાજ સહીત પ્રતિવાદીની હરેક પ્રકારની

સ્થાવર, જંગમ તથા જાત-મીલકત ઉપરથી વસુલ અપાવવા વાદીનાં લાભમાં હુકમનામું કરી આપવા અને અન્ય યોગ્ય લાગે તે દાદ અપાવવા અરજ કરેલ છે.

(૨) આ દાવાના કામે પ્રતિવાદીને દાવાના સમન્સ/ નોટીસની ધોરણસરની બજવણી થયેલ હોવા છતાં પ્રતિવાદી જાતે કે તેમના વકીલશ્રી મારફતે હાજર રહેલ નથી કે વાદીની દાવાઅરજીનો જવાબ રજુ કરેલ નથી. સદર કામે પ્રતિવાદીઓને વારંવાર મુદત આપવા છતા હાજર રહેતા નહોય કે કોઇ રીપોર્ટ કે જવાબ રજુ કરતા ન હોય પ્રતિવાદીનો જવાબનો હકક તા.૨૩/૮/૨૦૨૪ ના રોજ બંધ કરવામાં આવેલ છે.

(૩)સદર કામમાં વાદીએ તેઓનાં દાવાનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**-: મૌખિક પુરાવા :-**

| ક્રમ. | **સાહેદનું નામ.** | **આંક** |
|---|---|---|
| ૧. | સાહેદ પિયુષભાઇ ડાહ્યાભાઇ હાલાણીનું પુરાવાનું સોગંદનામું. (નાયબ ઇજનેર, વીરમગામ ટાઉન સબ ડીવીઝન) | ૨૨ |

**-: દસ્તાવેજી પુરાવા :-**

| ક્રમ. | **દસ્તાવેજ.** | **આંક** |
|---|---|---|
| ૧ | ગ્રાહકના નીવેદનની નકલ | ૨૫ |
| ૨ | વીજચોરીના બીલની નકલ | ૨૬ |
| ૩ | વીજ ચોરી કરેલ તે સ્થળના ફોટોગ્રાફની ઝેરોક્ષ નકલ | ૨૭ |
| ૪ | ચેકીંગ અધિકારીઓના રીપોર્ટની ઝેરોક્ષ નકલ | ૨૮ |
| ૫ | પ્રતિવાદી સામે વીજચોરી અંગે કરેલ પોલીસ ફરીયાદની નકલ | ૨૯ |
| ૬ | પરફોમાની ઝેરોક્ષ નકલ | ૩૦ |

| | | |
|---|---|---|
| ૭ | પ્રતિવાદીને આપવામા આવેલ નોટીસ | ૩૧ |
| ૮ | નોટીસનો બીડો પ્ર.વાદીના મકાન માલીક અવસાન પામેલ હોય પરત આવેલ છે તે અસલ | ૩૨ |

ત્યારબાદ વાદી તરફે વિશેષ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય આંક–૩૩ થી પુરાવો પુરો થયાની કલોજીંગ પુરશીસ રજુ કરવામાં આવેલ છે.

(૪) સદર કામમાં પ્રતિવાદીએ તેઓનાં દાવાનાં સમર્થનમાં કોઈ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી.

(૫) સદર દાવાનાં કામે વાદી તરફે વિ.વ.શ્રીની વિસ્તૃત દલીલો સાંભળી તેમજ પ્રતિવાદી તરફે કોઇ હાજર ન થતા પ્રતીવાદીનો દલીલનો હકક બંધ કરેલ છે.

વાદી તરફે દલીલ:–

સદર કામે વાદીના વિ.વ.શ્રીનાઓએ મૌખિક દલીલો કરી રજુઆત કરેલ છે કે સદર કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક નથી તેથી પ્રતીવાદીને વીજ વપરાશ કરવાનો કોઇ હક કે અધિકાર હતો નહી.અને વાદી કંપનીના જુનીયર એન્જીનીયશ્રી એમ.યુ.મનસુરી તા.૦૧/૧૦/૨૦૧૬ ના રોજ સરપ્રાઈઝ ચેકીંગમાં નીકળેલ ત્યારે વીજકંપનીની હળવા દબાણની લાઇનો તપાસતા આ કામના પ્રતિવાદી તેમના ઘરની બાજુમા રહેલ હળવા દબાણના થાંભલા ઉપરથી પીળા રંગના ૮ મીટર વાયર વડે હુકીંગ કરીને તેનો બીજો છેડો સાઇડની બારીમાંથી પસાર કરીને ડાયરેકટ મેઇન સ્વીચમાં આપીને ગેરકાયદેસર વીજ ચોરી કરતા રંગે હાથ પકડાયેલા અને આ કામનાં પ્રતિવાદીને વાદી કંપનીના ધારા ધોરણ મુજબ કરેલ વીજ ચોરી અંગે ગણ તરી કરી રૂ.૨,૮૧,૨૬૧.૬૦ પૈસા નું બીલ મોકલી આપવામાં આવેલ છે.આ કામના પ્રતિવાદી સામે પોલીસ ફરીયાદ પણ કરવામા આવેલ જેનો ગુ.ર.નં

.૬૪૬૧/૧૬ છે. અને પ્રતિવાદીને લેણી પડતી રકમ અંગે વારંવાર માંગણી કરી કરાવી છતા રકમ ના ચુકવી આપતા વાદી કંપનીએ એડવોકેટ મારફતે તા.૦૮/૦૨/૨૦૧૭ ના રોજ રજી. પોસ્ટથી નોટીસ પણ મોકલેલ.વધુમા રેકર્ડ જોતા ચેકીંગ અધીકારીને પ્રતિવાદી સાથે કોઈ પુર્વગ્રહ હોય તેવુ કાઈ જણાઈ આવતુ નથી. આ કામે પ્રતિવાદી સામે હાલના વાદીએ ઈલે. ૧૩૫(૧) મુજબની ફરીયાદ કરવામાં આવેલ છે. તે અંગે આ કામના પ્રતિવાદીએ કોઈ વાંધો લીધેલ નથી.આમ પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક નથી જેથી વીજ વપરાશ કરવાનો કાયદેસર હક ન હોવા છતા વીજવપરાશ કરેલ છે જે ગેરકાયદેસર છે. જેથી હાલના વાદીનો દાવો મંજુર કરવા અરજ કરેલ છે.

(૬) આમ, ઉપરોકત હકીકતે સદરહું દાવાનાં ન્યાયીક નિર્ણય માટે આંક-૧૭ થી નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત કરવામાં આવેલા છે.

**-: મુદ્દા: -**

1. Whether the plaintiff proves that he is entitled to recover Rs. 2,81,261.60 which is due from the defendant towards electricity theft and Rs. 15,000.62 as 15% delay charges since 30.06.2017 with Rs.1000/- as notice expenses from defendant ?

2. whether the plaintiff is entitled to get intrerest? if yes for what amount and which period? what amount and wich period?

3. Whether the plaintiff is entitled to relief as prayed for?

4. What Order and Decree?

(૭) પ્રસ્તુત મુદાઓ અંગેનાં મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪.આખરી હુકમ મુજબ.

આમ દાવાનાં નિકાલ માટે ઉપસ્થિત કરવામાં આવેલાં આંક–૧૭ના મુદાઓ સંબંધે નાં મા। ન્યાયીક નિર્ણય અંગે નાં કારણો ની ચર્ચા નીચે મુજબ કરુ છું.

**–:કારણો:–**

**મુદ્દા નં.૧ થી ૪ :–**

(૮) આ કામે મુદ્દા નં.૧ થી ૪ ની હકીકત અને કાયદાની દષ્ટીએ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય અને હકીકતોનું પુનરાવર્તન ન થાય તે હેતુથી સદર મુદ્દાઓની સંયુકત રીતે ચર્ચા કરવામાં આવે છે.

દીવાની દાવાઓમાં જે પક્ષકાર જે હકીકત નું અસ્ત્વિ હોવાનું અદાલત સ્વીકારે તેવું ઈચ્છતી હોય તેણે તેવી હકીકતો નાં અસ્તિત્વ અંગે નો પુરાવો ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ–૧૦૧ તથા ૧૦૨ મુજબ રજુ કરીને તેવી હકીકતો પુરવાર કરવી જોઈએ. હાલનાં આ દાવાને લાગે વળગે છે ત્યાં સુધી વાદી ઉપર તેમના દાવાની હકીકત નું અસ્તિત્વ હોવાનું પુરવાર કરવાની જવાબદારી છે. તેથી વાદીએ તેમના દાવાની હકીકતો પુરવાર કરવી જોઈએ.

ત્યારબાદ જ વાદીના પુરાવાનું ખંડન કરવાની જવાબદારી અને સાબિતીનો બોજ પ્રતિવાદીની શીરે રહે છે.

(૦૯)આ કામે વાદી પિયુષભાઇ ડાહયાભાઇ હાલાણી તેમના પુરાવાનું સોગંદનામું આંક-૨૨ થી રજુ કરેલ છે. જેમાં તેઓએ દાવાની હકીકતોનું પુનરાવર્તન કરેલ છે. તેઓએ જણાવેલ છે કે, વાદી કંપનીના જુનીયર એન્જીનીયશ્રી એમ.યુ.મનસુરી તા.૦૧/૧૦/૨૦૧૬ ના રોજ સરપ્રાઈઝ ચેકીગમાં નીકળેલ ત્યારે આ કામના પ્રતિવાદી તેમના ઘરની બાજુમા રહેલ હળવા દબાણના થાંભલા ઉપરથી  પીળા રંગના ૮ મીટર વાયર વડે હુકીંગ કરીને તેનો બીજો છેડો સાઇડની બારીમાંથી પસાર કરીને ડાયરેકટ મેઇન સ્વીચમાં આપીને  ગેરકાયદેસર રીતે વીજવપરાશ કરતા રંગે હાથ પકડાયેલા અને આ કામનાં પ્રતિવાદીને વાદી કંપનીના ધારા ધોરણ મુજબ કરેલ વીજ ચોરી અંગે ગણતરી કરી રૂા.૨,૮૧,૨૬૧.૬૦ પૈસા નું બીલ મોકલી આપવામાં આવેલ છે. આ કામના પ્રતિવાદી સામે પોલીસ ફરીયાદ પણ કરવામાં આવેલ જેનો ગુ.રનં.૬૪૬૧/૧૬ છે. અને પ્રતિવાદીને લેણી પડતી રકમ અંગે વારંવાર માંગણી કરી કરાવી છતા રકમ ના ચુકવી આપતા વાદી કં પનીએ એડવોકેટ મારફતે તા.૦૮/૦૨/૨૦૧૭ ના રોજ રજી. પોસ્ટથી નોટીસ પણ મોકલેલ જે નોટીસનો રજી.પોસ્ટનો બીડો આ કામના પ્રતિવાદીએ લેવા ના પાડતા રીફ્યુઝડના શેરા સાથે પરત આવેલ છે. જેથી હાલનો દાવો કરેલ છે. સદર કામે પ્રતિવાદીએ વાદીની દાવાઅરજીનો કોઇ જવાબ રજુ રાખેલ નથી તેમજ સદર કામે પ્રતિવાદીએ હાજર રહી વીટનેશબોક્ષમાં વાદીના પુરાવાને પડકારેલ નથી કે કોઇ ખંડનાત્મક પુરાવો રજુ કરેલ નથી.

(૧૦) આ ઉપરોકત કામે રજુ થયેલ રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો આ કામે વાદીએ પ્રતિવાદી પાસેથી વીજ ચોરીની લેણી રકમની માંગણી કરેલ છે અને સદર હકીકત પ્રસ્થાપિત કરવા માટે આંક-૨૨ થી નાયબ ઈજનેશ્રીનાઓનું પુરાવાનું સોગંદનામું રજુ થયેલ છે. જે સોગંદનામામાં વાદી સાહેદે દાવા અરજી મુજબની હકીકતો જણાવેલ છે અને તેઓએ જણાવેલ છે કે, આ કામે વાદી

કંપનીનાં પ્રતિવાદી પાસે ગણતરી કર્યા મુજબ ડીલે પેમેન્ટ ચાર્જ સહિતની રકમ બાકી લેણા રહે છે. વાદીએ પોતાનો કેસ પોતાના પુરાવાથી પ્રસ્થાતિ કરવો જરૂરી છે અને તે માટે વાદીએ આંક–૨૫ થી આંક– ૩૨ મુજબનાં દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યા છે. આ કામે આંક– ૨૫ થી સ્થળરોજકામની નકલ રજુ છે જેમા ગ્રાહક તરીકે ઉંમરભાઇ નાથુભાઇ શેખનુ નામ દર્શાવેલ છે અને આ કામનાં પ્રતિવાદીને ત્યાં તા.૦૧/૧૦/૨૦૧૬ નાં રોજ વીજ ચેકીંગ કરવામાં આવતા, ચેકીંગ દરમ્યાન તેઓ પીળા રંગના વધારાના વાયર વડે વીજ ચોરી કરતા રંગેહાથ ઝડપાયેલ છે." જે સ્થળ રોજકામ જોતા તેમાં ચેકીંગ અધીકારીની સહી છે. **પરંતુ તેમા પ્રતિવાદી શેખ શોયબભાઇ રફીકભાઇ નુ નામ દર્શાવેલ નથી કે તેમની સહી નથી.** તથા આંક–૨૬ થી પાવર ચોરીનું બીલ રજુ કરવામાં આવેલ છે. પરંતુ સદર ઝેરોક્ષ વંચાણે લઇ શકાય તેવી સ્થિતીમાં નથી. જે બીલમાં ઉંમરભાઇ નાથુભાઇ શેખનુ નામ છે. **પરંતુ તેમા પ્રતિવાદી શેખ શોયબભાઇ રફીકભાઇ નું નામ દર્શાવેલ નથી.**આંક–૨૭ થી વીજ ચોરી કરેલ તે સ્થળના ફોટોગ્રાફની ઝેરોક્ષ નકલો રજુ છે. આંક–૨૮ થી ચેકીંગ અધીકારીનુ રોજકામની નકલ રજુ છે. જેમા બે સાક્ષીઓની સહી જણાઇ આવે છે સદર રોજકામમાં પણ હાજર સાહેદ પોતાનુ નામ ઉમરાભાઇ નાથુભાઇ શેખ હોવાનુ જણાવેલ છે આમ સદર રોજકામ જોતા પણ તેમા પ્રતિવાદીનુ નામ જણાઇ આવતુ નથી કે પ્રતિવાદીની હાજરી પણ જણાઇ આવતી નથી. આંક–૨૯થી એફ.આઇ.આર.ની નકલ રજુ છે જેમા તહોમતદારના નામમા ઉંમરભાઇ નાથુભાઇનુ નામ દર્શાવેલ છે. **પરંતુ તેમા પ્રતિવાદી શેખ શોયબભાઇ રફીકભાઇ નુ નામ દર્શાવેલ નથી.** સદર કામે આંક–૩૦ થી એનેક્ષર સી ની નકલ રજુ છે જેમા પણ ગ્રાહકના નામમાં ઉમરભાઇ નાથુભાઇનુ નામ જણાઇ આવે છે **પરંતુ તેમા પ્રતિવાદી શેખ શોયબભાઇ રફીકભાઇ નુ નામ દર્શાવેલ નથી.** તેમજ સદર એનેક્ષર સી મા કોઇ સીનીયર કલાર્ક કે ડે.એન્જીનીયરની સહી પણ નથી. સદર કામે આંક–૩૧ થી શેખ ઉમરભાઇ નાથુભાઇને આપવામા આવેલ નોટીસ રજુ છે જે તેમના નામ જોગ નોટીસ છે. જેમા વીજચોરીની રકમનો પણ ઉલ્લેખ કરવામાં આવેલ છે. જેમા નાયબ ઈજનેર યુ.જી.વી.સી.એલ.ની સહી છે તેમજ તેમના

નામ જોગ નોટીસ તેમના સરનામે મોકલવામાં આવેલ છે. પરંતુ તે સદર નોટીસનો બીડો રીફ્યુઝડના શેરા સાથે પરત ફરેલ છે.જે વંચાણે લેતા, જે ઉમરભાઈ નાથુભાઈને મોકલવામાં આવેલ છે આમ હાલના પ્રતિવાદી શેખ સોયેબભાઈ રફીકભાઈને કોઈ નોટીસ મોકલવામા આવેલ નથી.

આમ સદર કામે રજુ થયેલ ગ્રાહકના નીવેદનમા ઉમરભાઈ નાથુભાઈનુ નામ દર્શાવેલ છે તેમા હાલના પ્રતિવાદી **શેખ શોયબભાઈ રફીકભાઈ નુ નામ દર્શાવેલ નથી.** આંક–૩૧ થી રજુ નોટીસ ધ્યાને લેતા તેમા નીવેદનમા ઉમરભાઈ નાથુભાઈનુ નામ દર્શાવેલ છે તેમા હાલના પ્રતિવાદી **શેખ શોયબભાઈ રફીકભાઈ નુ નામ દર્શાવેલ નથી.** આ કામે રજુ કરવામા આવેલ વીજચોરીના બીલમા પણ શેખ ઉમરભાઈ નાથુભાઈનુ નામ જણાઈ આવે છે આ કામે રજુ કરવામા આવેલ પોલીસ ફરીયાદમા પણ ઉમરભાઈ નાથુભાઈનુ નામ જણાઈ આવે છે. જે પુરવણી બીલ રજુ કરવામાં આવેલ છે તેમા પણ હાલના પ્રતિવાદી **શેખ શોયબભાઈ રફીકભાઈ નુ નામ** જણાઈ આવતુ નથી. આમ હાલના પ્રતિવાદી **શેખ શોયબભાઈ રફીકભાઈ** વિજ ચોરી કરતા હોય કે તેમણે કરેલ વિજ ચોરીના કારણે વાદીની લેણી રકમ બાકી હોય તે દર્શાવતા કોઈ દસ્તાવેજી આધાર વાદી તરફે રજુ થયેલ નથી કે તેઓ ઉપભોકતા હોય તે દર્શાવતા કોઈ દસ્તાવેજી આધાર વાદી તરફે રજુ થયેલ નથી. આમ, આ કામે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા તેમા આ દાવામાં વાદીએ લેણી રકમ પ્રતીવાદીથી લેવાના હકદાર છે તે સાબીત કરવામા નિષ્ફળ થયેલ છે જે દસ્તાવેજો રજુ કરેલ છેતે ઝેરોક્ષ નકલો રજુ કરેલ છે. હાલના પ્રતીવાદી **શેખ શોયબભાઈ રફીકભાઈનુ નામ** જણાય આવતુ ન હોય, જેથી સદર કામે રજુ થયેલ ઉપરોકત દસ્તાવેજો ધ્યાને લેતા વાદી કંપની હાલનાં પ્રતિવાદી પાસેથી લેણી રકમ મેળવવા હકકદાર ન હોવાનું જણાય આવે છે.

(૯) સદર કામે વાદીએ પ્રતિવાદી પાસેથી રૂા.૨,૯૭,૨૬૨.૨૨ પૈસા ૧૫ % લેખે દાવાની તારીખથી વિલંબીત ચુકવણી ચાર્જ સહીત તેમજ દાવાનો ખર્ચ

પ્રતિવાદી પાસેથી વસુલ અપાવવાનું વાદીના લાભમાં હુકમનામું કરવા દાવો કરેલ છે. સદર કામમાં ઉપરોકત ચર્ચા કરેલ છે તે મુજબ વાદી કંપની દવારા રજુ થયેલ ઉપરોકત દસ્તવેજી પુરાવાથી આ કામના વાદી પ્રતિવાદી પાસે રૂા. ૨,૯૭,૨૬૨.૨૨ પૈસા મેળવવા હકકદાર રહેતા નથી. આથી મુદા નં. ૧ નો જવાબ નકારમાં આપી તથા મુદા નં. ૩, અને ૪ નો જવાબ 'નકારમાં' આપી મુદા નં. ૫ પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આ ખ રી હુ ક મ ::–**

(૧)આ કામનાં વાદીનો હાલનો દાવો નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે

(૨) દાવા અંગેનો ખર્ચ બંને પક્ષકારોએ પોત પોતાની રીતે ભોગવવાનો રહેશે.

(૩)હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજ તારીખ: ૨૫ મી, માહે માર્ચ સને –૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૨૫/૦૩/૨૦૨૬

વિરમગામ

(કીર્તી શર્મા)
અધિક સીવીલ જજ
વિરમગામ
કોડ નં. જીજે ૦૧૭૨૧